દેમતી આશ્રમ શાળાના ખાડે ગયેલ વહીવટ સામે કર્મચારીઓ જંગે ચડ્યા

મહીલા આચાર્યની જોહુકમીથી વાઝ આવી જઈ ૧૫ સપ્ટે.થી ઉપવાસ આંદોલન કરવાની સક્ષમ અધિકારીઓને જાણ કરાઈ

ખેડબ્રહ્મા, તા. ૧૧

પોશીના તાલુકાના દેમતી ગામે આવેલી શ્રીકાન્ત આશ્રમ શાળાના ત્રણ કર્મચારીઓ મહીલા આચાર્યની જોહુકમીથી વાઝ આવી જઈ તથા સંચાલકોનું ઉપેક્ષિત વલણ અને ખાડે ગયેલા વહીવટ અંગે તંત્રને વારંવાર રજુઆતો કરવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં ન આવતા અને નોકરીની જગ્યાએ હાજર રહેવુ જોખમ કારક લાગતા શાળાના ત્રણ કર્મચારીઓ સંચાલકો સામે જંગે ચડ્યા છે. અને ૧૫ સપ્ટેમ્બરથી ખેડબ્રહ્મા આશ્રમ શાળા અધિકારીની કચેરી સમક્ષ ઉપવાસ આંદોલન કરવાની સક્ષમ અધિકારીઓને લેખિત જાણ કરતાં આશ્રમ શાળાના સંચાલકોમાં સોપો પડી જવા પામ્યો છે.

ખેડબ્રહ્માના સેવા નિકેતન ટ્રસ્ટ સંચાલિત શ્રીકાન્ત આશ્રમ શાળા દેમતીના ત્રણ કર્મચારીઓ નરેશભાઈ આર. કટારા, નયનકુમાર કે. જોષી તથા કાળુભાઈ એસ. ડાભીએ કરેલ લેખિત રજુઆતમાં જણાવ્યા અનુસાર આ આશ્રમ શાળાનો વહીવટ યોગ્ય થતો નથી તે અંગે લગત અધિકારીઓને વારંવાર લેખિત રજુઆતો કરવામાં આવી છે. છતાં આ શાળાના વહીવટ અંગે કોઈ તપાસ થઈ નથી વળી દેમતી આશ્રમ શાળા ચાર વર્ષમાં ત્રણથી ચાર જેટલા આચાર્યોની બદલી સાથે છુટા કરવામાં આવ્યા બાદ સંસ્થાના માનદમંત્રી શંકરભાઈ એસ. પાંડોર દ્વારા નિમણુંક પામેલા મહીલા આચાર્યા સંગીતાબેન પી. તરાલની જોહુકમી અને અનેક ધમકીઓથી વાજ આવી જી આ ત્રણ કર્મચારીઓને નોકરીની જગ્યાએ હાજર રહેવુ જોખમકારક લવાગ્યુ છે. તા. ૧૪ ઓગસ્ટના રોજ સાંજના ચાર વાગ્યાના સુમારે શાળાના આચાર્યા સંગીતાબેન તથા તેમના માતા શિક્ષકોના વર્ગખંડમાં આવી પોતાની જાતે જ શરીર ઉપર કેરોસીન છાંટી આત્મહત્યાની ચીમકી ઉચ્ચારી હતી અને આ કર્મચારીઓને નોકરી છોડી જતા રહેવાની ધમકી આપી હતી. વળી આચાર્યાના માતાએ નરેશભાઈ કટારાને સાયકલની ચેન વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે નરેશભાઈ કટારાએ ખેરોજ પોલીસ સ્ટેશનમાં લેખિત જાણ કરી ખેડબ્રહ્માની સીવીલ હોસ્પિટલમાં સારવાર લીધી હતી. મહીલા આચાર્યાના ત્રાસથી કંટાળી આ કર્મચારીઓ દસ દિવસની હક રજા ઉપર ઉતરી ગયા હતા ત્યારે સેવાનિકેતન ટ્રસ્ટના પ્રમુખે કેટલાક દિવસથી શાળામા જતા નથી તેમ ગેરહાજર ગણી છુટા કરવાની કારણદર્શક નોટીસ ફટકારવામાં આવી હતી.

ખેડબ્રહ્માના આશ્રમશાળા અધિકારી એચ.એલ. કટારાએ જણાવ્યું હતું કે ૮ સપ્ટેમ્બરના રોજ આ આશ્રમ શાળાના સંચાલકોને આ કર્મચારીઓના પ્રશ્નોના ઉકેલ લાવી કચેરીએ રીપોર્ટ કરવા નોટીસ આપવામાં આવી છે.

વડાગામમાં પાંચ ઈંચ વરસાદ ખાબક્યો

વડાગામ વિસ્તારામાં ગત રોજ પાંચ કલાકમાં પાંચ ઈંચ કરતા વધારે વરસાદ ખાબકતા ઠેર-ઠેક જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. પરિણામે ગામને જોડતા માર્ગ પર પરિવહન ઠપ થઈ ગયો હતો. ઉપરાંત ગ્રામ્ય વિસ્તારના જનજીવનને ભારે અસર થઈ હતી. (તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

ભિલોડા તાલુકાના ભાણમેર ગામ પાસેથી વિદેશી દારૂ ઝડપાયો

ભિલોડા,તા.૧૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ભાણમેર ગામ પાસેથી વિદેશી દારૂ ઝડપાયો છે. આધારભુત પોલીસ સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ ભિલોડા તાલુકાના નાની ઝાંઝરી ગામના રમેશભાઈ કાવજીભાઈ પાંડોર અને દિનેશભાઈ કાવજીભાઈ પાંડોર ગત સમી સાંજે પરપ્રાંતમાંથી વિદેશી દારૂ મહિન્દ્રા મેક્સ જીપ નંબર. જી.જે.૯. એ.જી. ૮૩૮ માં પાસ પરમીટ વિના પરપ્રાંતમાંથી બિન્દાસ્ત રીતે પ્રતિબંધિત એરીયા ગુજરાત રાજ્યમાં વિદેશી દારૂ અને બીયર પેટી નંગ-૬૬ કુલ બોટલ નંગ-૧૧૨૫ કુલ કિંમત રૂા. ૨,૭૩,૫૭૫/- છે.જીપ સહિત વિદેશી દારૂ અને બીયર કુલ મુદ્દામાલ કિંમત રૂા.૪,૦૪,૯૭૦/- છે. ભિલોડા તાલુકાના માર્ગો દારૂના બુટલેગરો માટે સ્વર્ગ સમાન હોવાનું લોકમુખે ચર્ચાય છે.

ભિલોડા તાલુકાના નાની ઝાંઝરી ગામનો ઈસમ રમેશભાઈ કાવજીભાઈ પાંડોરની ભિલોડા પોલીસે ધરપકડ કરેલ છે. દિનેશભાઈ કાવજીભાઈ પાંડોર ફરાર થઈ ગયેલ છે.સ્ટેટ મોનીટરીંગ સેલ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, એ.ડી.મિશ્રાની ફરીયાદના આધારે ભિલોડા પોલીસે દારૂના બુટલેગરો વિરૂધ્ધ ગુનો દર્જ કરી ધારાધોરણ મુજબ કાર્યવાહી હાથ ધરેલ છે. ભિલોડા પોલીસ ધ્વારા આરોપી બુટલેગર અને જીપનો કબજો મેળવેલ છે.

ભિલોડા આર. જી. બારોટ બી.એડ્., એમ.એડ્.કોલેજમાં ચિંતન શિબિર યોજાઈ

ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત આર. જી. બારોટ બી.એડ્.,એમ.એડ્. કોલેજમાં તાજેતરમાં અધ્યયન, અધ્યાપન પ્રક્રીયા-એક ચિંતનાત્મક શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. અધ્યક્ષ સ્થાને સમાજ સેવા ટ્રસ્ટ મંત્રી કિર્તીકુમાર બારોટ ઉપસ્થિત રહ્યા હતા. આ શિબિરમાં તજજ્ઞ વ્યાખ્યાનકર્તા તરીકે ફલજીભાઈ પટેલ આચાર્ય ધોલવાણી હાઈસ્કુલ, બળદેવભાઈ પટેલ આચાર્ય ટોરડા હાઈસ્કુલ, રમણભાઈ પટેલ આચાર્ય પ્રેરણા મંદીર વિદ્યાલય, ભિલોડા ઉપસ્થિત રહી ચિંતન શિબિર સફળ બનાવી હતી. ખુલ્લી પ્રશ્નોત્તરીમાં તાલિમાર્થીઓએ શિક્ષણના લગતા પ્રશ્નોની મુક્ત ચર્ચા કરી જ્ઞાન પ્રાપ્તીનો હેતુ સંપન્ન કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન કોલેજના આચાર્ય અમિતકુમાર ભટ્ટના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

જાયન્ટસ ગ્રુપ ઓફ બાયડ સહેલી અને લાયન્સ કલબ બાયડ દ્વારા પાલડી પ્રા.શાળામાં શિક્ષક દિન ઉજવાયો

મોડાસા, તા.૧૧

બાયડ શહેરમાં ચાલતી સેવાભાવી સંસ્થા જાયન્ટસ ગ્રુપ ઓફ સહેલી અને લાયન્સ કલબ બાયડ આયોજીત અને જાયન્ટસ મેમ્બર ભાવેશભાઈ પટેલ તથા રૂપાબેન પટેલ (હાલ.રહે.લંડન યુ.કે)ના સહયોગથી હો જ્ઞાન સપ્તાહ કાર્યક્રમ અર્તગત શિક્ષાદિનની ઉજવણી કરવામાં આવી હતી શિક્ષક દિન નીમીતે શાળામાં અધ્યાસ કરતા બાળકો એ સ્વયંશિક્ષક બની એક દિવસ માટે સમગ્ર શાળાનુ સંચાલન કરવામાં આવ્યુ હતુ તેમજ શિક્ષક દિન નીમીતે ભાવેશભાઈ અને રૂપાબેન તરફથી શાળાના તમામ બાળકોને તીથીભોજન આપવામાં આવ્યુ હતુ તેમજ ૧ થી ૮ માં અધ્યાસ કરતા બાળકોને નોટબુક ડ્રોઈંગબુક સ્કેચપેન કેપાસ પેટી બ્વગેરે આપવામાં આવ્યુ હતુ તેમજ જીતપુર હાઈસ્કુલ ના નિવૃત આચાર્ય નુ સન્માન કરવામાં આવ્યુ હતુ તેમજ મહેમાનો ધ્વારા શાળા માં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યુ હતુ.

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

આ પ્રસંગે રાજય શીક્ષણ સંઘના મંત્રી હસમુખભાઈ પટેલ બાયડ તાલુકા શીક્ષક સંઘના પ્રમુખ બાબુભાઈ જાયન્ટસના યુનીટ ડાયરેકટર નીલેષભાઈ જોષી ધનસુરા પ્રા. શિ. સંઘ ના પંકજભાઈ પટેલ મંત્રી કૌશીકભાઈ પટેલ લાયન્સ પ્રમુખ દેવચંદભાઈ નિવૃત આચાર્ય સોની સાહેબ જાયન્ટસ સહેલી પ્રમુખ ભારતીબેન ઉપસ્થીત રહયા હતા.

આજે ખેડબ્રહ્મા ખાતે તાલુકા સેવા સદનનું લોકાર્પણ

સાબર ડેરીના સુવર્ણ જયંતિ મહોત્સવ રાજ્યના મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં યોજાશે

હિંમતનગર, તા. ૧૧

રાજયના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ આજ રોજ એક દિવસીય સાબરકાંઠા જિલ્લાના -વાસે આવી રજ્ઞા છે. મુખ્યમંત્રીના સાબરકાંઠાના આ -વાસ દરમિયાન ખેડબ્રહ્મા ખાતે ઉપસ્થિત રહી રૂ. ૧૮ કરોડના ખર્ચે નિર્માણ થયેલ તાલુકા સેવા સદનનું લોકાર્પણ કરશે

મુખ્યમંત્રીના કાર્યક્રમ અંગે માહિતી આપતા જિલ્લા કલેકટર બંછાનિધિ પાનીએ જણાવ્યું હતુ કે ખેડબ્રહ્મા ખાતે મુખ્યમંત્રી ધ્વારા સાબરકાંઠા કલેકટર કચેરી ધ્વારા -જાકીય સુવિધા માટે તૈયાર કરેલ ઈ-કલેકટરની અધતન વેબસાઈટનું લોનચિંગ કરશે , જિલ્લા પંચાયત સાબરકાંઠા ધ્વારા તૈયાર થયેલ ખેડબ્રહમા તાલુકાના ૩૦ ગામોમાં વાઈ-ફાઈ સુવિધાનો -રંભ, જિલ્લા આરોગ્ય તંત્ર ધ્વારા તૈયાર થયેલ આઈઈસી -ોજેકટ અંતર્ગત સ્વાસ્થય સંવેદના સેના ટેબ્લેટનું વિતરણ, સાબરકાંઠા -ાથમિક શિક્ષણ ધ્વારા તૈયાર થયેલ ઈ- શિક્ષકૈં ઈનોવેશન એપ્લિકેશન ફોર ટીર્ચસનું વિમોચન અને વિજયનગર તાલુકામાં દૂધ સંજીવની યોજના વગેરેનું ડિઝીટલથી શુભારંભ કરાશે.

(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

જિલ્લા કલેકટરએ વિગતો આપતાં વધુમાં ઉમેર્યુ હતુ કે ખેડબ્રહમા તાલુકા સેવા સદનનું બે મજલા સંકુલ ૯૭૩૦ ચો.મીમાં આરસીસી ફ્રેમ સ્ટ્રકચરમાં બનાવાયું છે. અધતન સુવિધાઓ સાથેના આ સંકુલમાં તાલુકાકક્ષાની કુલ ૨૪ કચેરીઓ કાર્યરત કરાશે. એક જ સ્થળે અને એકજ સંકુલમાં તૈયાર થયેલ આ સદનનો તાલુકાના ૭૮ ગામોની અંદાજે ૧.૫૦ લાખ વસતીને લાભ મળશે.

જિલ્લા કલેકટરએ નવરચિત પોશીના ખાતે રૂ. ૧૦ કરોડના ખર્ચે તાલુકા સેવા સદનનું કામ -ગતિમાં હોવાનું જણાવ્યું હતું. -ંતિજ તાલુકા સેવા સદનનું રૂ.૯.૮૬ કરોડના ખર્ચે તૈયાર થનાર ભવનનું બાંધકામ -ગતિ હેઠળ છે. જયારે વિજયનગર ખાતે રૂ. ૩.૧૨ કરોડના ખર્ચે મામલતદાર કચેરીનું બાંધકામ પૂર્ણ કરાયું હોવાનું જણાવ્યું હતું.

તા.૧૨મીએ ખેડબ્રહ્મા ખાતેનો લોકાર્પણ કાર્યક્રમ પૂર્ણ થયે મુખ્યમંત્રી સાબરકાંઠા જિલ્લાની જીવાદોરી સમાન સાબરડેરીના સુવર્ણ જયંતિ મહોત્સવમાં અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહેશે ત્યારબાદ જિલ્લા સેવા સદનના સભાખંડમાં પદાધિકારીઓ સાથે બેઠક યોજશે અને આ બેઠક બાદ જિલ્લાના વિવિધ ખાતાના અધિકારીઓ સાથે કામગીરીની સમીક્ષા બેઠક યોજશે.

અરવલ્લી જિલ્લાના મોડાસાના ઈટાડી ગામે આવેલ અંબામાતા મંદિર મીની અંબાજી તરીકે પ્રચલિત છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ભાદરવી પૂનમના રોજ હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ વહેલી સવારથી પૂનમના મેળામાં ઉમટી પડ્યા હતા. (તસવીર : જય અમીન, મોડાસા)

નવી ગારૂડીના પ્રાથમિક શિક્ષકે દેશમાં ગુજરાતનું નામ રોશન કર્યું

(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા, તા. ૧૧

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના નાનકડા બક્ષીપંચની વસતી ધરાવતા નવી ગારૂડીના પ્રાથમિક શિક્ષક જીતેન્દ્ર પંડ્યાને તેમની ઉત્કર્ષ સેવાના કારણે રાષ્ટ્રપતિ એવોર્ડથી સન્માનિત કરાયા.

ભારત સરકારના શ્રેષ્ઠ શિક્ષકનો રાષ્ટ્રપતિ એવોર્ડ-૨૦૧૩ શ્રી જીતેન્દ્રકુમાર ગૌરીશંકર પંડ્યા મુખ્ય શિક્ષક નવી ગારૂડી પ્રા. શાળા તા. મોડાસાને મળતાં તેઓનું તા. પમી સપ્ટેમ્બર-૨૦૧૪ શિક્ષકદિનના દિવસે કેન્દ્રીય શિક્ષણ મંત્રીશ્રી સ્મૃતિ ઈરાની તથા પ્રા. શિક્ષણ સચિવની ઉપસ્થિતિમાં મા. રાષ્ટ્રપતિશ્રી પ્રણવ મુખરજીના વરદહસ્તે વિજ્ઞાનભવન નવી દિલ્હી ખાતે શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ અરવલ્લી જિલ્લાને મળતાં સમગ્ર અરવલ્લી જિલ્લા તેમજ સાબરકાંઠા આનંદની લાગણી ફેલાઈ છે. શ્રી જીતેન્દ્ર પંડ્યા દ્વારા નવી ગારૂડીના બાળકોને તેમજ શાળાનો વિકાસ મહત્તમ થાય તેવા સતત પ્રયત્નશીલ રહે છે. બાળકોને જ્ઞાન સાથે ગમ્મત મળી રહે તેમજ પ્રાથમિક શાળામાં આવનાર બાળકોને ખુબ જ પ્રફુલ્લીત વાતવરણ બને એટલા માટે શાળાના પટાંગણમાં બગીચા બનાવવામાં આવેલ છે.

મોડાસામાં અન્નપૂર્ણા ટ્રસ્ટના સહયોગથી દૃષ્ટિકેન્દ્રનો આરંભ થશે

મોડાસા, તા. ૧૧

મોડાસા શહેરમાં છેલ્લા ૪૦ વર્ષથી કપિલાબેન જે.બી. શાહ શિશુ અને મહિલા કલ્યાણ કેન્દ્ર ટ્રસ્ટની સાથે સાથે અન્નપૂર્ણા અને દાદા દાદીનો વિસામોની પ્રવૃત્તિઓ ચાલે છે. હવે આ ટ્રસ્ટ દ્વારા તા. ૧૪-૯-૧૪ ના રોજ વિશ્વ અંધ દિનની ઉજવમીના ભાગરૂપે વિનામૂલ્યે આંખના ઓપરેશન માટેનાં તુલસીદાસ પી. શાહ (મુંબઈ) દૃષ્ટિકેન્દ્ર (વિઝન સેન્ટર)નો પ્રારંભ થાય છે. અરવલ્લી જિલ્લાના તમામ ગામોમાંથી જેમને આંખની તકલીફ હોય તેમની આંખની તપાસ આ દૃષ્ટિ કેન્દ્રમાં દર બુધવારે સવારે ૧૦ થી ૧૨ સુધી થશે. તેમને મોતિયાના ઓપરેશનની જરૂર હશે તો એક પણ પૈસાના ખર્ચ વગર ઓપરેશન કરાવી આપવામાં આવશે. તેમજ જરૂરી દવાઓ, ચશ્મા મફત આપવામાં આવશે. આ કેન્દ્રની સાથે પોતાના ઘરે દર્દીઓ માટે ઓક્સિઝન સિલેન્ડર, ફેરબેડ બીજ પમ્પ, વ્હીલ ચેર, વોકર એલ્યુમીનીયમ જેવા સાધનો નજીવા ભાડેથી મળશએ. તે માટે ડૉ. એન.જે. શાહ તબીબી સાધન સુવિધા કેન્દ્રનો પણ પ્રારંભ થશે.

આ કેન્દ્રનું ઉદ્ઘાટન સચિવશ્રી, ગુજરાત રાજ્યના રમતગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિના શ્રી ભાગ્યેશ જ્હા કરશે. અરવલ્લી જિલ્લાના કલેકટર શ્રી બી.જે. ભટ્ટ મુક્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે.

પ્રાંતિજમાં દુંદાળા દેવ ગણપતિ દાદાનું વાજતે ગાજતે વિસર્જન કરવામાં આવ્યુ હતું. પ્રાંતિજમાં આ વર્ષે ઠેરઠેર ગણેશ સ્થાપન બાદ ગણેશ વિસર્જન કરવામાં આવ્યું હતું. ભગવાનની ભવ્ય શોભાયાત્રા શહેરના માર્ગો પર કાઢવામાં આવી હતી. જેમાં હજારો ભાવિકો ઉત્સાહભેર જોડાયા હતા. (તસવીર : સંજય રાવલ)

અંબાજી મેળામાં વ્યસનમુક્તિ માટે લોકજાગૃતિ કાર્યક્રમો યોજાયા

બનાસકાંઠા, તા. ૧૧

બનાસકાંઠા જિલ્લા પોલીસ, નાર્કોટીક્સ કંટ્રોલ બ્યુરો, એટીએસ તથા એન.ડી.પી.એસ. સેલ સી.આઈ.ડી. ક્રાઈમ, ગુજરાત રાજ્ય તમામના સંયુક્ત ઉપક્રમે ચાલુ વર્ષે ભાદરવી પુનમ અંબાજી મહામેળામાં નશીલા દ્રવ્યોના સેવનથી થતા નુકશાન તથા વ્યસનમુક્તિ માટે લોક જાગૃતિ ફેલાવવા તા. ૩-૯-૨૦૧૪ થી તા. ૯-૯-૨૦૧૪ સુધી અંબાજી દાંતા રોડ ખાતે નવી કોલેજ પીકઅપ સ્ટેન્ડની પાસે માહિતી સ્ટોલનું આયોજન કરવામાં આવેલ જેમાં દરરોજ સવારના ૮.૦૦ થી રાત્રીના ૧૦.૦૦ કલાક સુધી સતત સ્થળ ઉપર એટીએસ તથા એનસીબીની સંયુક્ત ટીમ વડે નાયબ પોલીસ અધિક્ષક શ્રી એન.ડી.પી.એસ.સેલ ના માર્ગદર્શનમાં મહામેળામાં આવનાર પદયાત્રીઓ તેમજ દર્શનાર્થીઓને બીડી,સિગારેટ, તમાકુ, અફીણ, હેરોઈન, ચરસ, ગાંજો, ભાંગ બ્રાઉન સુગર, વિગેરે જેવા કેફી દ્રવ્યોના સેવનથી શરીરને થતા નુકશાન તેમજ સમાજના થતા પતન અંગે ચોપાનીયા દ્વારા હોર્ડીંગ્સ દ્વારા તેમજ ટી.વી. સ્ક્રીન પર દસ્તાવેજી ચલચિત્ર દર્શાવવામાં આવેલ વધુમાં પ્રશ્નોત્તરી તથા રૂબરૂ ચર્ચાના માધ્યમથી વ્યસનથી થતા નુકશાન અંગે જાણકારી તેમજ માર્ગદર્શન આપી જન સમુદાયને વ્યસનમુક્ત રહેવા સમજ આપવામાં આવી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
ઓથોરાઈઝ્ડ ડીલર
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦